Extra No. 15

વાર્ષિક લવાજમનો દર રૂ. ૪,૦૦૦/-

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

**PUBLISHED BY AUTHORITY**

**Vol. LXI ]  FRIDAY, JANUARY 17, 2020 / PAUSA 27, 1941**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

**PART IV-C**

**Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.**

**GUJARAT ELECTRICITY REGULATORY COMMISSION**
**GANDHINAGAR**

**Gujarat Electricity Regulatory Commission (Electricity Supply Code and Related Matters) (Second Amendment) Regulations, 2020**

**Notification No. 1 of 2020**

In exercise of the powers conferred under Section 181 (2) (x) read with Section 50 of the Electricity Act, 2003 (36 of 2003) and under Section 42 (1) (b) of the Gujarat Electricity Industry (Reorganisation and Regulation) Act, 2003 (Gujarat Act 24 of 2003) and all powers enabling it in that behalf, the Gujarat Electricity Regulatory Commission hereby amends the Gujarat Electricity Regulatory Commission (Electricity Supply Code and Related Matters) Regulations, 2015, "The Principal Code".

1. Short Title, Extent and Commencement

   i. These regulations shall be called the Gujarat Electricity Regulatory Commission (Electricity Supply Code and Related Matters) (Second Amendment) Regulations, 2020.

   ii. These regulations shall come into force from date of their publication in the Official Gazette.

**2. Amendment in Section 4 of the principal Regulations**

Clause 4.95 of the principal Regulations shall be substituted as under:

"4.95 In case of HT, EHT and Demand Based LT connections, if the maximum demand was recorded to be in excess of contract demand by 5% or more for at least four times during last financial year, the licensee shall issue a 30-day notice to the consumer for submitting an application form for enhancement of load. If there is no response from the consumer by the end of the notice period, the licensee shall start the procedure for enhancing the consumer's contract demand to the average of four recordings of maximum demand shown by the consumer's MDI meter in the last financial year. In such case, the consumer shall be liable to pay all applicable charges as per provisions of this Code for regularization of the enhanced demand. The enhanced demand will be considered as revised contract demand on receipt of such charges and all provisions of agreement shall be applicable to such consumers for revised contract demand.

In case of non-Demand Based LT connections, review of Contracted Load / Sanctioned Load shall be carried out once in a financial year and if it is found that connected load on such type of connection is ***in excess of Contracted Load / Sanctioned Load by 25% or more in case of Residential Consumers and by 10% or more in case of other categories of consumers,*** the licensee shall issue a 60-day notice to the consumer for submitting an application form for enhancement of load. If there is no response from the consumer by the end of the notice period, the licensee shall start the procedure for enhancing the consumer's Contracted Load/ Sanctioned Load to the load found at the time of inspection. In such case, the consumer shall be liable to pay all applicable charges as per provisions of this Code for regularization of the enhanced load. The enhanced load will be considered as revised Contracted Load/ Sanctioned Load on receipt of such charges and all provisions of agreement shall be applicable to such consumers for revised Contracted Load/ Sanctioned Load.

***Provided further that in case of Un-metered Agriculture Connections, where connected load is to be assessed based on Accucheck meter measurements due to inaccessibility of connected load and as per the methodology specified by the Commission, if it is found that connected load of such type of connection is in excess of Contracted Load / Sanctioned Load by 10% or more, the licensee shall issue a 30-day notice to the consumer for submitting an application form for enhancement of load and the consumer shall be liable to pay all applicable charges / estimate to the licensee as per provisions of this Code for regularization of the enhanced demand. If there is no response from the consumer by the end of the notice period, the licensee shall initiate actions as per Clause 7.31 to 7.44 against the consumer."***

**3. New condition added in Section 8, Clause 8.3**

Condition No. (6) shall be added in Clause 8.3 of the principal Regulations:

"8.3 The supply may be disconnected temporarily in following cases:

(1) ......................
(2) ......................
(3) ......................
(4) ......................
(5) ......................

***(6) The Consumer shall not carry out any construction around the existing service position so as to hinder the access as already agreed. Should the construction become necessary due to remodelling of the structure or for any other reason, the Consumer shall immediately notify the Distribution Licensee and get the service position shifted at his cost to a mutually agreed position. Non-compliance shall be liable for disconnection after serving a notice of not less than seven days, subject to the provisions of the Acts, Rules and Regulations for the time being in force."***

**ROOPWANT SINGH, IAS**
Secretary
Gujarat Electricity Regulatory Commission
Gandhinagar

Place: Gandhinagar
Date: 16/01/2020

**ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ**

**ગાંધીનગર**

**ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (વિદ્યુત પુરવઠા સંહિતા અને આનુષંગિક બાબતો) (બીજો સુધારો) વિનિયમો, ૨૦૨૦**

**જાહેરનામા ક્રમાંક ૧/૨૦૨૦**

૨૦૦૩ના વીજળી અધિનિયમની કલમ (૨૦૦૩નો ૩૬મો) ની કલમ-૧૮૧ (૨)(x ) ને કલમ-૫૦ સાથે વાંચતા તે અન્વયે આપવામાં આવેલી સત્તાની રૂએ અને તે માટે સક્ષમ બનાવતી અને ૨૦૦૩ના ગુજરાત વીજળી ઉદ્યોગ (પુનર્રચના અને વિનિયમ) અધિનિયમ (૨૦૦૩નો ગુજરાત અધિનિયમ-૨૪) વિભાગ ૪૨ (૧)(બી) અન્વયે આપવામાં આવેલી સત્તાની રૂએ અને તે માટે સક્ષમ બનાવતી તમામ સત્તાઓની રૂએ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ આથી મુખ્ય વિનિયમો ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (વિદ્યુત પુરવઠા સંહિતા અને આનુષંગિક બાબતો) વિનિયમો, ૨૦૧૫ માં સુધારો કરે છે.

૧. સંક્ષિપ્ત શીર્ષક, વ્યાપ અને પ્રારંભ

૧.૧ આ વિનિયમો, ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (વિદ્યુત પુરવઠા સંહિતા અને આનુષંગિક બાબતો) (બીજો સુધારો) વિનિયમો, ૨૦૨૦ કહેવાશે.

૧.૨ આ વિનિયમો સરકારી ગેઝેટમાં તેની પ્રસિદ્ધિની તારીખથી અમલમાં આવશે.

**૨. મુખ્ય વિનિયમોનાં ખંડ નં. ૪ માં સુધારોઃ**

મુખ્ય વિનિયમોની કલમ ૪.૯૫ માં નીચે પ્રમાણે ફેરબદલી કરવામાં આવશે.

"૪.૯૫ એચ.ટી., ઇ.એચ.ટી અને માંગ આધારિત એલ.ટી. જોડાણોના કેસમાં, જો નોંધાયેલી અધિકતમ માંગ, છેલ્લા નાણાકીય વર્ષ દરમ્યાન ઓછામાં ઓછું ૪ વખત ૫% કે તેથી વધુ કરાર-માંગથી વધેલ હોય તો, પરવાનેદાર ગ્રાહકને વીજભાર વધારા માટે અરજી પત્રક રજુ કરવા ૩૦ દિવસની નોટિસ આપશે. નોટિસની મુદત પૂરી થતાં સુધી ગ્રાહક પાસેથી કોઇ જવાબ ન આવે તો પરવાનેદાર, છેલ્લા નાણાકીય વર્ષમાં ગ્રાહકના MDI મીટરે દર્શાવેલ અધિકતમ ચાર રેકર્ડિંગની સરેરાશ મુજબ ગ્રાહકની કરાર માંગ વધારવાની કાર્યવાહી શરૂ કરશે. આવા કેસમાં, વધારેલી માંગ નિયમિત કરવા ગ્રાહક આ સંહિતાની જોગવાઈઓ અનુસાર લાગુ પડતા તમામ ખર્ચ ચૂકવવા જવાબદાર બનશે. આવા ખર્ચ મળતાં, વધારેલી માંગને સુધારેલી કરાર માંગ ગણવામાં આવશે અને કરારની બધી જોગવાઈઓ સુધારેલી કરાર માંગ માટે આવા ગ્રાહકોને લાગુ પડશે.

બિન-માંગ આધારિત એલ.ટી જોડાણોના કેસમાં, કરાર વીજભાર/ મંજુર વીજભારની સમીક્ષા નાણાકીય વર્ષ દરમ્યાન એક વખત કરવામાં આવશે અને જો રહેણાંક ગ્રાહકોનાં કેસમાં આવા જોડાણોમાં જોડાયેલ વીજભાર, કરાર વીજભાર/ મંજુર વીજભાર કરતા ૨૫% કે તેથી વધુ હોય અને બીજા વર્ગના ગ્રાહકો માટે જોડાયેલ વીજભાર, કરાર વીજભાર/ મંજુર વીજભાર કરતા ૧૦% કે તેથી વધુ હોય તો પરવાનેદાર ગ્રાહકને વીજભાર વધારા માટે અરજી પત્રક રજૂ કરવા ૬૦ દિવસ ની નોટિસ આપશે. જો નોટિસ મુદત પૂરી થતાં ગ્રાહક પાસેથી કોઈ જવાબ ન આવે તો પરવાનેદાર દ્વારા ચકાસણી સમયે માલુમ પડેલ વીજભાર મુજબ ગ્રાહકનાં કરાર વીજભાર/ મંજુર વીજભાર વધારાની કાર્યવાહી શરૂ કરવામાં આવશે. આવા કેસમાં ગ્રાહકે વધારેલ વીજભાર નિયમિત કરવા આ સંહિતાની જોગવાઈઓ અનુસાર લાગુ પડતા તમામ ખર્ચ ચૂકવવા જવાબદાર બનશે. આવા ખર્ચની ચુકવણી મળતાં, વધારેલ વીજભારને સુધારેલ કરાર વીજભાર/મંજુર વીજભાર ગણવામાં આવશે અને કરારની બધી જોગવાઇઓ આવા ગ્રાહકોને સુધારેલ કરાર વીજભાર/મંજુર વીજભાર માટે લાગુ પડશે.

**વધુમાં, મિટર વગરના કૃષિ વીજ જોડાણોના કિસ્સામાં જોડાયેલ વીજભાર સુધી પહોંચવાની અક્ષમતાના કારણે આવો જોડાયેલ વીજભાર એક્યુચેક મીટર થી માપવામાં આવે અને તેની ગણતરી આયોગ દ્વારા નિર્દિષ્ટ પદ્ધતિથી કરવામાં આવે ત્યારે જો આવા જોડાણોમાં જોડાયેલ વીજભાર, કરાર વીજભાર / મંજુર વીજભાર કરતા ૧૦% કે તેથી વધુ હોય તો પરવાનેદાર ગ્રાહકને વીજભાર વધારો નિયમ અનુસાર કરવા માટે અરજી પત્રક રજૂ કરવા ૩૦ દિવસ ની નોટિસ આપશે અને વધારેલી માંગ નિયમ અનુસાર કરવા ગ્રાહક આ સંહિતાની જોગવાઈઓ અનુસાર લાગુ પડતા તમામ ખર્ચ / અંદાજ ચૂકવવા જવાબદાર બનશે. જો નોટિસ મુદત પૂરી થતાં ગ્રાહક પાસેથી કોઈ જવાબ ન આવે તો પરવાનેદાર ગ્રાહક સામે કલમ ૭.૩૧ થી ૭.૪૪ મુજબ કાર્યવાહી શરૂ કરી શકશે."**

**૩. મુખ્ય વિનિયમોનાં ખંડ નં. ૮ ની કલમ ૮.૩માં સુધારોઃ**

મુખ્ય વિનિયમોની કલમ ૮.૩ માં નીચે પ્રમાણે શરત નં. (૬) ઉમેરવામાં આવશેઃ

"૮.૩ નીચેના કેસોમાં પૂરવઠો કામચાલુ બંધ કરી શકાશેઃ

(૧) .......................................

(૨) .......................................

(૩) .......................................

(૪) .......................................

(૫) .......................................

(૬) ગ્રાહક હાલના વીજ સ્થાપન / સર્વિસ લાઈન / મિટરની આજુબાજુ એવું કોઈપણ બાંધકામ કરશે નહીં, જે પહેલાથી સંમત થયેલ મુજબના પ્રવેશહક્કને અવરોધે. જો બાંધકામ માળખું ફરીથી બનાવાના કારણે અથવા અન્ય કોઈ કારણોસર બાંધકામ આવશ્યક હોય તો, ગ્રાહક તરત જ વિતરણ પરવાનેદારને જાણ કરી વીજ સ્થાપન / સર્વિસ લાઈન / મિટરને પરસ્પર સંમત થયેલ જગ્યાએ પોતાના ખર્ચે સ્થાનાંતરિત કરાવશે. આના અપાલન પર જે તે સમયે અમલમાં હોય તે અધિનિયમો, નિયમો અને વિનિયમોની જોગવાઈઓને આધીન ઓછામાં ઓછી સાત દિવસની નોટિસ આપ્યા બાદ જોડાણ કપાતને પાત્ર બનશે."

રૂપવંતસિંહ, આઇ.એ.એસ.

સચિવ

ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ

ગાંધીનગર

સ્થળ : ગાંધીનગર

તારીખ : ૧૭/૦૧/૨૦૨૦

-----------------